# ઉત્તર ગુજરાતમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી પર ઓમીક્રોન વેરિયન્ટથી ખતરો

## સ્થિતિ વકરે તો ચૂંટણી મોકૂફ રહેવાની મુરતિયાઓને દહેશત

બાયડ, તા. ૨૯

વિશ્વમાં કોરોનાનો નવો વાયરસ દેખાતાં અને ભારતમાં પણ પગપેસારો થયાનું બહાર આવતાં કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યોને સચેત કરવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ૧૫૮૦ ગ્રામ પંચાયોતની સામાન્ય ચૂંટણી યોજવા સોમવારે વિધિવત જાહેરનામુ બહાર પાડતા ગામડામાં ચૂંટણી દંગલ શરૂ થયા છે. કોરોનાના નવા વેરિયન્ટ ઓમીક્રોનના ખતરાથી રાજ્યમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી ઉપર પણ અસર પડવાની દહેશત છે. સ્થિતિ વણસે તો સંભવ છે કે ગ્રામ પંચાયતોની ચૂંટણી હાલ મુલત્વી રહે તેવી શક્યતા વચ્ચે મુરતિયાઓ પણ વિમાસણમાં મુકાયા છે.

ગ્રામ પંચાયતોનો જંગનું એલાન થઈ ચુક્યુ છે. સાબરકાંઠા-અરવલ્લી, બનાસકાંઠા, પાટણ-મહેસાણા જિલ્લાની મુદત પૂર્ણ કરતી પંચાયતોની સામાન્ય ચૂંટણી, ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી માટે તા. ૧૯ ડિસેમ્બરના રોજ મતદાન યોજાવાનુ છે. ગ્રામ પંચાયતનો ચૂંટણી જંગ હોવાથી ઉમેદવારો-ટેકેદારો સતત ૧૬ દિવસ ઘેર ઘેર ફરી મતદારોનો સંપર્ક કરે કરશે. જ્યારે વારંવાર એકબીજાને મળવાનું થશે તેમાં કોરોના સંક્રમીત દર્દી હશે તો ફેબ્રુઆરી-૨૦૨૧ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જેમ કોરોના વધુ વકરે તેવી પુરેપુરી આશંકા છે. ત્યાં દક્ષિણ આફ્રિકામાં દેખાયેલ કોરોનાના નવા વેરીયન્ટે વિશ્વના તમામ દેશો અને વૈજ્ઞાનિકોની ઉંઘ હરામ કરી દીધી છે. ગુજરાતમાં પણ નવા વેરીયન્ટના પગપેસારાની આશંકાના પગલે રાજ્ય સરકાર, આરોગ્યતંત્ર ગંભીર બન્યુ છે. પરંતુ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં રાજ્યના ૭૦ ટકાથી વધુ મતદારો મતદાન કરવાના છે આ સંજોગોમાં કોરોના સંક્રમણ વધુ વકરશે તેવી આશંકા છેલ્લા ૨ દિવસથી વ્યક્ત થતાં ઉત્તર ગુજરાત તેમજ રાજ્યની યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી કોરોનાના કારણે મુલત્વી તો નહી રહે ને તેવી ફડક ઉમેદવારો, વોર્ડ સભ્યો અને ટેકેદારોમાં પ્રવર્તી રહી છે. ચૂંટણી કરતાં માનવજીવન અગત્યનું છે તે જોતાં હાહાકાર મચાવતા નવા વેરીયેન્ટ બાબતે રાજ્ય સરકાર અને ચૂંટણી આયોગ કેવું સ્ટેન્ડ લે છે તેના ઉપર સૌની મીટ મંડાઈ છે.

### ઉત્તર ગુજરાતમાં ૧૫૮૦ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મુદત પૂર્ણકાળ તેમજ ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી મળી ઉત્તર ગુજરાતમાં ૪૭ તાલુકાની ૧૫૮૦ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી જંગનું એલાન કર્યુ છે જેમાં સાબરકાંઠા-૩૨૫, અરવલ્લી-૨૩૧, પાટણ-૨૦૮, મહેસાણા-૧૬૩ અને બનાસકાંઠા-૬૫૩

## ધનસુરા ગ્રામ પંચાયતનો ચૂંટણી જંગ, ભાજપાના બે જૂથ આમને-સામને

### ભાજપા આગેવાનોની દ્વિધા વધી, કુલડીમાં ગોળ ભાંગશો તો સ્થિતી વણસી જાય તેવી દહેશત

બાયડ, તા. ૨૯

ધનસુરા તાલુકાની સૌથી મોટી ધનસુરા ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીના જંગનું એલાન થયુ છે. સરપંચ સીટ મહીલા અનામત હોવાથી રસાકસીનો જંગ જામશે પરંતુ અત્યારે ભાજપાના બે જૂથ આમને-સામને આવી જતાં ચૂંટણીજંગ તોફાની બનવાની દહેશત સેવાય છે. સોશ્યલ મીડીયામાં છેલ્લા ૪ દિવસથી આક્ષેપબાજી શરૂ થઈ છે. ભાજપાના ૨ જૂથ ગ્રામ પંચાયતના ચૂંટણી જંગમાં આમને-સામને આવી જતાં ભાજપાના આગેવાનોની દ્વિધા વધી છે. જો ભાજપાની નીતિ કુલડીમાં ગોળ ભાગવાની નીતી અખત્યાર કરશે તો સ્થિતિ વણસી શકે છે અને વર્ષ ૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં તેની દુરોગામી અસર પડી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં ૨૩૧ ગ્રામ પંચાયતોના ચૂંટણી જંગ માટે ઉમેદવારી પત્રો ભરવાની સોમવારથી શરૂઆત થઈ છે ત્યારે સરપંચ પદ મહીલા અનામત હોવાથી ભાજપાના જ સંગઠન હોદ્દેદાર મહીલાઓએ જંપલાવતાં સ્થાનિક રાજકારણ ગરમાયુ છે જ્યારે ચૂંટણી પ્રચાર શરૂ થાય તે પહેલાં જ બન્ને જૂથના ટેકેદારો દ્વારા આમને સામને આવી જઈ આક્ષેપબાજી શરૂ થઈ છે. સોશ્યલ મીડીયામાં દરરોજ મુકાતા પોસ્ટના કારણે ભાજપાના આગેવાનોએ સ્થિતિ વણસે તે અગાઉ યોગ્ય હલ લાવવાના બદલે તમાશો જોઈ રહ્યા જેવી સ્થિતિ છે. ભાજપાની નેતાગીરીની કુલડીમાં ગોળ ભાગવાની નીતિ પક્ષને નુકસાન કરી શકે છે. જ્યારે મહીલા ઉમેદવાર કોંગ્રેસના કાર્યકરોના સાથથી ચૂંટણી લડતા હોવાના પણ સોશ્યલ મીડિયામાં આક્ષેપથી મતદારો પણ હવે તા. ૧૯ ડિસેમ્બર સુધી કંઈજ ન બોલવુ..!! ની સ્થિતિમાં આવી જશે. પરંતુ ધનસુરા ગ્રામ પંચાયતમાં જે રીતે ચૂંટણી જંગ આગળ વધી રહ્યો છે તે જોતાં જંગ વધુ તોફાની બનવાની પૂરી દહેશત છે.

## અરવલ્લી જિલ્લામાં ભાજપાને ખતમ કરવાના પ્લાન-૨ની શરૂઆત

### મૂળ કોંગ્રેસ ગોત્રના આગેવાનોને ભાજપામાં સ્થાન આપવાની શરૂઆત : પાયાના કાર્યકરોમાં વધતો અસંતોષ

હિંમતનગર, તા. ૨૯

શ્રી કમલમ્, અરવલ્લીનું લોકાર્પણ કરાયુ અને ત્યાર પછી જે ચર્ચાઓ શરૂ થઈ તે રસપ્રદ છે.

અરવલ્લી જિલ્લામાં ભાજપાને ખતમ કરવાના પ્લાન-૨ની શરૂઆત થઈ ચૂકી છે. વિધાનસભા ચૂંટણી નજીક આવશે ત્યારે મૂળ કોંગ્રેસ ગોત્રના આગેવાનોને ભાજપાના પાયાના કાર્યકરોની ધરાર ઉપેક્ષા કરી ભાજપામાં પ્રવેશ અપાવી કિસ્મત હોય તો ટીકીટ પણ મેળવી જાય તેવી ચર્ચા ચાલી છે. ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ત્રણેય બેઠક ગુમાવ્યા પછી આગામી ચૂંટણીમાં સારો બોધપાઠ લેવો હોય તો કોંગ્રેસનો ભરતી મેળો કરવાનું આયોજન હોય તો મુલત્વી રાખવું પડશે નહીંતર વર્ષ ૨૦૧૭ના પુનરાવર્તનને કોઈ રોકી શકશે નહી તેવુ પક્ષ માટે જાત ઘસી નાખનારા કાર્યકરો હવે ખુલીને બોલવા લાગ્યા છે.

જિલ્લાની પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાઓમાં એકહથ્થુ શાસનની ફરીયાદો ઉઠી છે. સંગઠન તેમજ પ્રભારી ફરીયાદોને છેલ્લા ૯ મહીનાથી અવગણી રહ્યા છે. સડો આગળ વધે તે અટકાવવાના બદલે સંગઠન ખેલ જોતુ હોય તેવી તાસીર ઉભી છે. જેથી જિલ્લાના તમામ મંડલોમાં ભાજપાના કાર્યકરોમાં અસંતોષ વધી રહ્યો છે. શ્રી કમલમ-અરવલ્લીના લોકાર્પણ પછી કેટલાક કાર્યકરોમાં નાખુશી વધુ જોવા મળી... શિસ્તબદ્ધ પક્ષમાં એવું તો શું બન્યું કે પાયાના કાર્યકરો નારાજ જોવા મળી રહ્યા છે. અદ્યતન સુવિધાયુક્ત કાર્યાલય ખોલવાથી વિધાનસભામાં ભાજપાને મત મળવાના નથી... પાયાના કાર્યકરોનો સંતોષ જ આખરે ભાજપાની મતબેન્ક છલકાવી શકે છે. કમલમના નિર્માણ પછી જમીનથી ૨ ફૂટ ઉંચે ઉડતા ભાજપાના આગેવાનોએ જમીન ઉપર પગ મુકવાની જરૂર છે. વર્ષ-૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં રાતોરાત કોંગ્રેસ ગોત્રવાળા કાર્યકરોને ટીકીટ આપી ભાજપાના લાખ્ખો કાર્યકરોની હાય લીધી હતી તેવો પ્રયાસ ફરી કરશો નહી. નહીવતર તેના કરતાં પણ ગંભીર પરીણામો જોવા મળી શકે છે. જિલ્લા સંગઠન પ્રભારી અને તેમની ટીમને કરવામાં આવતી ફરીયાદોના ઉકેલ પણ આવતા ન હોવાનું કેટલાક કાર્યકરો જણાવી રહ્યા છે જેથી નારાજ કાર્યકરોનું વધતુ કદ હવે ગુજરાત પ્રદેશ કમલમ્ પહોંચી પોતાની હૈયાવરાળ ઠાલવશે તેવા નિર્દેશ મળવા લાગ્યા છે.

### પ્રેમ સબંધમાં હત્યા કર્યાની આરોપીની કબુલાત

## ડબલ મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલ્યો, સાઠંબા પાસે ચકચારી બેવડી હત્યાનો ભેદ ઉકેલતી એલ.સી.બી.

### રાજકોટથી બે હત્યારા દબોચ્યા

બાયડ, તા. ૨૯

અરવલ્લી એલ.સી.બી.ની ટીમે બાયડ તાલુકાના સાઠંબા પાસે નાનીખારી ગામના તળાવ નજીક થયેલ ચકચારી બેવડી હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. રાજકોટથી ૨ હત્યારાઓને પોલીસે દબોચી લીધા છે. ૨ આરોપી પૈકી એકએ પ્રેમ સબંધમાં મહિલા અને તેના પુત્રની હત્યાના બનાવને જુનાગઢથી અહીં સુધી આવી મોતને ઘાટ ઉતાર્યાની સનસની વિગતો સામે આવી છે. આડા સંબંધોમાં આરોપીએ ક્રાઈમ સિરીયલ જોઈ હત્યાના બનાવને અંજામ આપ્યાનું પણ પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે.




બાયડ તાલુકાના નાનીખારી ગામ નજીક આવેલા તળાવ કિનારે ઝાળી-ઝાંખરાંમાં મહિલા અને સગીરની હત્યા કરાયેલી લાશ મળી આવતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો હતો. એક જ સ્થએથી હત્યા કરાયેલા ૨ મૃતદેહ મળી આવતાં પોલીસ દ્વારા મૃતકોની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ડબલ મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલવા માટે એલ.સી.બી.એ તમામ તાકાત કામે લગાડી જેમાં મૃતક મહિલા અને તેનો પુત્ર તાપી જિલ્લાના સોનગઢ પાસેના ખારવડ ગામની હોવાનું જાણવા મળતાં પોલીસે અંગત અદાવત તેમજ પ્રેમ સબંધની આશંકાને ધ્યાનમાં રાખી તપાસ આરંભી જેમાં મૃતકનો પુત્ર તાપી જિલ્લાના સોનગઢ પાસેના ખારવડ ગામની હોવાનું જાણવા મળતાં પોલીસે અંગત અદાવત તેમજ પ્રેમ સબંધની આશંકાને ધ્યાનમાં રાખી તપાસ આરંભી જેમાં મૃતક મહિલાને જુનાગઢના બિલખા ગામના સુરેશ મેર નામના ઈસમ સાથે પ્રેમ સંબંધ હોવાનું જાણવા મળતાં પોલીસ ભેદ ઉકેલવા માટે સક્રીય થઈ જેમાં બાતમીદારો તેમજ વિવિધ સર્વેલન્સ ટીમની મહેનત રંગ લાવ્યા બાદ જિલ્લા એલ.સી.બી.ની ટીમે ૨ હત્યારાઓને રાજકોટથી દબોચી લઈ સમગ્ર હત્યાનો બનાવ ઉકેલી નાખ્યો છે. જુનાગઢના સુરેશ રાધવભાઈ મેરને મૃતક મહિલા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. જેમાં આરોપીએ તેના મિત્ર ગાંડુભાઈ નાનુભાઈ જાદવ(બંન્ને રહે. મેવાસા, કમરીબાઈના, તા.જિ. જુનાગઢ) સાઠંબા વિસ્તારની ભૌગોલિક સ્થિતિથી પરિચિત હોવાથી તેને સાથે રાખીને મહિલાને તાપી જિલ્લામાંથી અહીં સુધી લાવ્યા પછી મહિલા તેમજ તેના પુત્રને દોરડાથી ગળુ દબાવી હત્યા કર્યાનું ખૂલ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ ૩.૨૦લાખની રોકડ, ૬૦હજારની કિંમતનાં ઘરેણાં અને અન્ય મુદામાલ કબજે કર્યો છે.

### ટીવી સિરીયલ જોઈ હત્યાનો પ્લાન ઘડ્યો

બાયડ તાલુકાના સાઠંબા નજીક નાનીખારી ગામના તળાવ પાસેથી હત્યા કરાયેલી ૨ લાશો મળી આવતાં પોલીસ ઉપર પસ્તાળ પડી હતી. એલ.સી.બી.ની ટીમે ડબલ મર્ડરનો ભેદ ઉકેલવા માટે તમામ તાકાત કામે લગાડી જેમાં ૨ આરોપીઓને દબોચી લેવામાં સફળતા મળી છે. આરોપીએ ક્રાઈમ ટીવી સિરીયલ જો યા પછી હત્યાના બનાવને અંજામ આપવા માટે પ્લાન ઘડ્યાનું બહાર આવ્યું છે.

### આરોપીઓ બુટલેગર હોવાનું તપાસમાં ખૂલ્યું...

તપાસ દરમ્યાન બહાર આવ્યું છે કે આરોપીઓ દારૂના ધંધા સાથે સંકળાયેલા છે અને બંને આરોપીઓ વિરુદ્ધ જુનાગઢ જિલ્લાના બીલખા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુના નોંધાયા છે.

## દર મહિને ૫ કીલો મફત અનાજ આપવાની યોજના લંબાવાઈ

### જિલ્લાના ૩.૬૦ લાખ ગરીબ કાર્ડધારકોને કાળઝાળ મોંઘવારીમાં રાહત

બાયડ, તા. ૨૯

કેન્દ્રીય કેબિનેટ પ્રધાનમંત્રી ગરીબ અન્ન યોજના હેઠળ ગરીબોને મફત ૫ કીલો અનાજ આપવાની યોજનાને ૪ મહિના લંબાવી છે જેથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના કુલ-૩.૬૦ લાખ ગરીબ કાર્ડધારકોને કાળઝાળ મોંઘવારીમાં સરકારના નિર્ણયથી રાહત થઈ છે. કોરોનાના કપરા કાળમાં શરૂ કરવામાં આવેલી આ યોજના અંતર્ગત એન.એફ.એસ.એ. કાર્ડધારકોને મફત અનાજ આપવામાં આવી રહ્યું છે.

કોરોનાની મહામારીમાં ગરીબ કાર્ડધારકોને રેશનીંગનો જથ્થો મળી રહે તેવા આશયે કેન્દ્ર સરકારે પી.એમ.જી.કે.એ.વા.ય. યોજના અમલમાં મૂકી હતી. જેમાં દર મહિને લાભાર્થીઓને મફત ૫ કીલો અનાજ આપવામાં આવતું હતું. સાબરકાંઠા જિલ્લામાં ૨,૧૦,૦૦૦ અને અરવલ્લી જિલ્લામાં ૧,૫૧,૩૨૨ લાભાર્થી કાર્ડધારકોને તેનો લાભ મળતો હતો પરંતુ ડિસેમ્બરથી આ યોજના બંધ થવાની જાહેરાત થતાં ગરીબ કાર્ડધારકોમાં હોબાળો મચી ગયો હતો. આખરે કેન્દ્ર સરકારની કેબિનેટે સમગ્ર દેશમાં આ યોજના ૪ મહિના સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે જેનાથી અસહ્ય મોંઘવારી વચ્ચે પીશાતા લાભાર્થીઓને ૫ કીલો અનાજ મફતમાં મળવાથી રાહત થઈ શકે છે. વધારાનું અનાજ બંધ કરવાની જાહેરાત માત્રથી બંન્ને જિલ્લાના ગરીબ કાર્ડધારકો નિશાશા નાખતા જોવા મળ્યા પરંતુ હવે કેન્દ્ર સરકારના નિર્ણય પછી ગરીબ લાભાથીઓએ ખુશી વ્યક્ત કરી છે.

### જિલ્લામાં એન.એફ.એસ.એ. કાર્ડધારકોની સંખ્યા..

| જિલ્લો | કાર્ડ સંખ્યા |
|---|---|
| સાબરકાંઠા | ૨,૧૦,૦૦૦ |
| અરવલ્લી | ૧,૫૧,૩૨૨ |

### હજુ પરીપત્ર મળ્યો નથી : પુરવઠા વિભાગ

જિલ્લા પુરવઠા વિભાગનો સંપર્ક કરતાં જણાવ્યું કે દર મહિને ૫ કીલો મફત અનાજ આપવાની સ્કીમ આગામી માર્ચ-૨૦૨૨ સુધી ચાલુ રાખવા અંગેનો પરીપત્ર મળ્યો નથી અને બંધ રાખવા અંગેનો પણ કોઈ પરીપત્ર મળ્યો ન હોવાનું જણાવ્યું હતું.

## પાલનપુરના આરટીઓ સર્કલ નજીકથી પાડા ભરેલી ટ્રક ઝડપાઈ

### રાજસ્થાનથી કતલખાને લઈ જવાતા ૫૦ અબોલ પાડાને બચાવાયા : પોલીસને દેખી પાડા ભરેલી ટ્રકનો ચાલક ટ્રક મુકીને ફરાર થઇ ગયો હતો



પાલનપુર તા.૨૯

પાલનપુરના આરટીઓ સર્કલ પર રાત્રીના સમયે પોલીસની નાકાબંધીને જોઈ રાજસ્થાન તરફથી પાડા ભરીને આવી રહેલા એક ટ્રકના ચાલકે પોલીસ પકડથી બચવા ટ્રક મૂકીને ફરાર થઈ ગયો હતો પોલીસે આ ટ્રકની તલાશી લેતા તેમાંથી ૫૦ અબોલ જીવ પાડા મળી આવતા આ અબોલ જીવો ને પાંજરા પોળ માં મોકલવાની તજવીજ હાથ ધરાઈ હતી

પાડોશી રાજ્ય રાજસ્થાન માંથી મોટાપાયે અબોલ જીવો ને બનાસકાંઠાના માર્ગો પર થી કતલખાને ધકેલવામાં આવી રહ્યા છે જેમાં કેટલીક વાર જીવદયા પ્રેમી અને પોલીસ ની સજાગતા થી કતલખાને લઈ જવાતા અનેક અબોલ જીવોને બચાવી લેવામાં આવી રહ્યા છે અને પશુઓને કતલખાને લઈ જતા વાહનો પકડવામાં આવી રહ્યા છે ત્યારે પાલનપુર ના આરટીઓ સર્કલ પર રાત્રીના સમયે પોલીસ વાહન ચેકીંગ કરી રહી હતી દરમિયાન રાજસ્થાન તરફથી આવતા એક ટ્રકને પોલીસે ઉભી રખાવવા ઈશારો કરતા ટ્રક નો ચાલક અંધારાનો લાભ ઉઠાવી ટ્રક મૂકીને ફરાર થઈ હતો હતો બાદમાં પોલીસે ટ્રક ની તલશી લેતા ટ્રક માં ઘીચોઘીચ ૫૦ પાડા મળી આવતા પોલીસે પાડા ઓને ટ્રક માંથી નીચે ઉતારી પાંજરા પોળ માં મોકલી આપવાની તજવીજ હાથ ધરાઈ હતી અને અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો નોંધી બનાવની તપાસ હાથ ધરી હતી.

## મહેસૂલ વિભાગે પરીપત્રની જોગવાઈ રદ કરી

### જિલ્લાના ૧૦૦ થી વધુ ઈંટ ઉત્પાદકોને રાહત, જમીન એન.એ. ઓફલાઈન

બાયડ,તા. ૨૯

રાજ્ય સરકારે ઈંટ ઉત્પાદકોની જમીન એન.એ. કરાવવા માટે ઓફલાઈન પરમીશન આપવાનો નિર્ણય કરતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૦૦ થી વધુ ઈંટ ઉત્પાદકોએ રાહત અનુભવી છે. ઈંટઉત્પાદક સંગઠનની રજૂઆત બાદ મહેસૂલ વિભાગે આ પ્રકરનો આદેશ કરતાં આગામી સમયમાં ઈંટ ઉત્પાદકોના કેટલાક પડતર પ્રશ્નો પણ ઉકેલાવવાની આશા જાગી છે.

ઈંટ ઉત્પાદકોને વ્યવસાય માટે ઓનલાઈન મંજૂરી મેળવવી પડતી હતી. જેમાં સોફટવેર અપડેટ ન હોવાના કારણે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. જેના કારણે ઈંટ ઉત્પાદકોએ ઓફલાઈન મંજૂરી માટે માંગણી કરી હતી. ઈંટ ઉત્પાદકોની ઓફલાઈન હંગામી બિનખેતી અરજીઓ જેમાં નિયમાનુસાર ફી ભરવામાં આવી હોય તેવી અરજીઓ પરત્વે હવેથી નિયમાનુસાર કાર્યવાહી કરવાની થશે. રાજ્યના મહેસૂલ મંત્રી દ્વારા આ મુદ્દે ઈંટ ઉત્પાદકોને હંગામી ધોરણે જમીન એન.એ. કરાવવાની જરૂરીયાત ઉભી થતી હોય ત્યાં હવેથી ઓફલાઈન એન.એ. માટે મંજૂરી આપવામાં આવી છે. વર્ષ-૨૦૧૫ના ઠરાવના કારણે ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવે છે પરંતુ પોર્ટલમાં સમસ્યા હોવાથી ઝડપથી મંજૂરી મળતી નથી જેથી ઈંટ ઉત્પાદકોને ૧૦૦૦ ચો.મી.માંથી માત્ર ૧૦૦ મીટર જમીન હંગામી ધોરણે એન.એ. કરાવવી હોય તો ૭/૧૨ ના ઉતારામાં ૧૦૦૦ ચો.મી. જમીન દર્શાવાયેલી હોવાથી ઉત્પાદકને પૂરી જમીન પરનું મહેસૂલ ચૂકવવું પડતું હોય છે. જો કે આ પ્રકારના એન.એ.ની સત્તા પ્રાંત સમક્ષ છે પરંતુ પોર્ટલ પર કલેકટર કચેરી સુધીના અધિકારીની સત્તા હોવાના કારણે મંજૂરીમાં વિલંબ થતો હતો. કેટલાક કિસ્સાઓમાં તો વર્ષોથી એન.એ.ની મંજૂરી વિલંબમાં પડી હતી જેના કારણે ગુજરાત ઈંટ ઉત્પાદક ફેડરેશન દ્વારા સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતને ધ્યાનમાં લઈ મહેસૂલ વિભાગે હવે નવો ઠરાવ કરતાં ઈંટ ઉત્પાદકો ઓફલાઈન હંગામી એન.એ. મંજૂરી મેળવી શકશે નવા આદેશ પ્રમાણે જિલ્લાના ૧૦૦ થી વધુ નાના-મોટા ઈંટ ઉત્પાદકો માત્ર બે ગણું મહેસૂલ ભરીને ઝડપથી પરવાનગી મેળવી શકે તેમ હોવાથી સરકારના આ નિર્ણયથી ઈંટ ઉત્પાદકોને મોટી રાહત થઈ છે.

**સરકારના આ નિર્ણયથી નાના ઈંટ ઉત્પાદકોને ખાસ કોઈ ફાયદો નથી : જિલ્લા ઈંટ ઉત્પાદક પ્રમુખ**

રાજ્ય સરકારે ઈંટ ઉત્પાદકોની માગણીનો સ્વીકાર કરી જમીન એન.એ. કરાવવા માટે ઓનલાઈન મંજૂરી આપવાનો નિર્ણય કર્યો છે. સાબરકાંઠા ઈંટ ઉત્પાદક એસોસીએશનના પ્રમુખ પ્રવિણ અંબાલાલ પ્રજાપતિનો સંપર્ક કરતાં બંન્ને જિલ્લામાં ૧૦૦ થી વધુ નાના-મોટા ઈંટ ઉદ્યોગો કાર્યરત છે પરંતુ સરકારના આ નિર્ણયથી નાના ઈંટ ઉત્પાદકોને હાલ ખાસ કોઈ ફાયદો નથી. સરકાર સમક્ષ અગાઉ રાજ્યકક્ષાએ ઈંટ ઉત્પાદક દ્વારા વિવિધ પ્રશ્નો માટે રજૂઆત થયેલી છે જે સ્વીકારવામાં આવે તો તમામ ઈંટ ઉત્પાદકોને ફાયદો થઈ શકે તેમ છે.

## ઉત્તર ગુજરાતમાં સપ્તાહના અંતમાં કાતિલ ઠંડીના એંધાણ

બાયડ, તા. ૨૯

કાશ્મીરમાં ઠંડી પ્રકાપ વધ્યો છે તાપમાન શૂન્યથી નીચે નોંધાઈ રહ્યું છે. તે જોતાં ઉત્તર ગુજરાતમાં સપ્તાહના અંતમાં કાતિલ ઠંડીના એંધાણ મંડાયા છે. ગતરોજ ગાત્રો થીજવતી ઠંડી અનુભવાઈ પરંતુ બપોરે તાપમાનનો પારો ઉંચકાતાં ફરી મિશ્ર ઋતુ રોગચાળાને નિમંત્રણ આપે તેવી દહેશત ઉભી થઈ છે.

ઠંડી ઉપર શિયાળુ ખેતી નિર્ભર છે, લગ્નના અવસરો યોજ્યા છે તે પરિવારો માફકસરની ઠંડી માટે પ્રાર્થના કરે છે. જ્યારે ધરતીપુત્રો કાતિલ ઠંડી પડે તો રવિ ખેતીની રોનકની રાહ જોઈ રહ્યા છે. ઉત્તર ગુજરાતની ૫ જિલ્લામાં ઠંડીના વારંવારના ઠુમકાથી રવી વાવેતર ખોરંભે પડ્યું છે. સિંચાઈ માટે જળાશયોમાંથી પાણી છોડાયું પણ વારંવાર હવામાન બદલાવના કારણે ખેડૂતોએ યોગ્ય વાવણીકાર્યનો આરંભ કર્યો નથી પરંતુ હવે કાશ્મીરમાં ઠંડી પ્રકોપ જોવા મળતાં ઉત્તર ગુજરાતના ખેડૂતો વધુ કાતિલ ઠંડી પડવાની સંભાવના જોઈ બટાટા, રાયડો, જીરૂ, વરીયાળીના વાવેતર તરફ આગેકૂચ કરી રહ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લામાં ઠંડી પ્રકોપ વધ્યા બાદ રવી વાવેતરમાં હનુમાન કૂદકો સંભવ છે.